# નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ અમદાવાદ

પરિપત્ર નં. ૪૫ તા. ૨૮-૦૭-૨૦૨૨

ફક્ત મ્યુનિ. શાળાઓ માટે જઃ-

વિષયઃ- ૧લી ઓગષ્ટથી "આઝાદી કા અમૃત મહોત્સવ" નિમિત્તે કાર્યક્રમ યોજવા બાબત

સંદર્ભઃ- ક્રમાંકઃપ્રાશિનિ/સંકલન/૨૦૨૨/૭-૨/૨૦૨૨-૨૩/૭૨૫૭-૭૩૦૯,તા.૨૫/૦૭/૨૦૨૨,

આથી તમામ મ્યુનિ.શાળાના મુખ્ય શિક્ષકશ્રીઓને ઉપરોક્ત વિષય અને સંદર્ભ અન્વયે જણાવવાનું કે, રાષ્ટ્રીય શૈક્ષિક મહાસંઘ અને શિક્ષકમંડળની રજૂઆત અન્વયે સ્વતંત્રાનો અમૃત મહોત્સવની ઉજવણીનાં કાર્યક્રમ અંતર્ગત તા.૦૧-૦૮-૨૦૨૨નાં રોજથી સ્વાતંત્ર્ય દિન સુધી દરરોજ પ્રાર્થના સમયે ભારતમાતાનું પૂજન અને ભારતનાં ગૌરવતાના વ્યાખ્યાન, દેશભક્તિગીત કાર્યક્રમ યોજવો, શક્ય હોય તો સરહદ પર ફરજ બજાવતા સૈનિકનાં પરિવારનું સન્માન કરવું. રાષ્ટ્ર ભાવને ઉજાગર કરતાં આ કાર્યક્રમમાં મહત્તમ વિદ્યાર્થી ભાગ લે તે સુનિશ્ચિત કરશો.

બિડાણઃ સંદર્ભિત પત્ર

તા. ૨૮-૦૭-૨૦૨૨

ડૉ.એલ.ડી.દેસાઇ
શાસનાધિકારી

आज़ादी का अमृत महोत्सव

ક:પ્રાશિનિ/ સંકલન/૭-૨/ ૨૨-૨૩/૭૨૫૭-૭૩૦૯
પ્રાથમિક શિક્ષણ નિયામકની કચેરી,
બ્લોક નં.૧૨/૧, ડૉ.જીવરાજ મહેતા ભવન,
ગુ.રા. ગાંધીનગર, તા. ૨૫ /૦૭/૨૦૨૨

પ્રતિ,
જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી, તમામ
શાસનાધિકારીશ્રી, તમામ

વિષય: ૧લી ઓગષ્ટ થી આઝાદીકા અમૃત મહોત્સવ નિમિત્તે કાર્યક્રમ યોજવા બાબત.
સંદર્ભ: ગુજરાત રાજ્ય પ્રાથમિક શૈક્ષિક મહાસંઘનો માન.શિક્ષણ મંત્રીશ્રીને લખેલ તા.૧૯/૦૭/૨૦૨૨ નો પત્ર

ઉપરોક્ત વિષય અને સંદર્ભ અન્વયે જણાવવાનું કે, રાષ્ટ્રીય શૈક્ષિક મહાસંઘ દ્વારા ૧લી ઓગષ્ટ થી દરેક પ્રાથમિક શાળામાં "આઝાદી કા અમૃત મહોત્સવ" કાર્યક્રમના ભાગરૂપે ભારત માતા પૂજન અને વ્યાખ્યાન યોજવા પરિપત્ર કરવા માન.શિક્ષણ મંત્રીશ્રીને રજુઆત કરવામાં આવી હતી.

તા.૨૨/૦૭/૨૦૨૨ નાં રોજ માન.શિક્ષણ મંત્રીશ્રીની અધ્યક્ષતામાં રાષ્ટ્રીય શૈક્ષિક મહાસંઘ અને ગુજરાત રાજ્ય પ્રાથમિક શિક્ષક સંઘના હોદ્દેદારોની બેઠકમાં આ વિષયની ચર્ચા કરવામાં આવી હતી. જેમાં રાષ્ટ્રીય હિતના કાર્યક્રમમાં સહકાર આપવા પ્રાથમિક શિક્ષક સંઘ પણ તેમાં જોડાશે તે બાબતે સંમત થયેલ છે. માન.મંત્રીશ્રીની સૂચના અનુસાર તા.૦૧/૦૮/૨૦૨૨ થી પ્રાર્થનાસભામાં ભારતમાતા પૂજન અને વ્યાખ્યાનનો કાર્યક્રમ દરેક શાળામાં યોજવા સૂચના આપવામાં આવે છે. રાષ્ટ્ર ભાવને ઉજાગર કરતાં આ કાર્યક્રમમાં ઉત્સાહભેર વિદ્યાર્થીઓ ભાગ લે તે સુનિશ્ચિત કરશો.

સંયુક્ત શિક્ષણ નિયામક
પ્રાથમિક શિક્ષણ
ગુ.રા.,ગાંધીનગર

**સવિનય નકલ રવાના જાણ સારૂ:**

(૧) અંગત સચિવશ્રી, માન.શિક્ષણ મંત્રીશ્રીનું કાર્યાલય, સ્વર્ણિમ સંકુલ-૧, ગાંધીનગર
(૨) અંગત સચિવશ્રી, માન.રા.ક.ના શિક્ષણ મંત્રીશ્રીનું કાર્યાલય, સ્વર્ણિમ સંકુલ-૨, ગાંધીનગર
(૩) અંગત સચિવશ્રી, માન.અગ્ર સચિવશ્રીનું કાર્યાલય, સરદાર પટેલ ભવન,ગાંધીનગર
(૪) અધ્યક્ષશ્રી, ગુજરાત રાજ્ય પ્રાથમિક શૈક્ષિક મહાસંઘ, ગુજરાત
(૫) પ્રમુખશ્રી, ગુજરાત રાજ્ય પ્રાથમિક શિક્ષણ સંઘ, ગુજરાત

Scanned with CamScanner